# ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો

## રાજ્યના શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો અને તેના કલાકાર-કસબીઓને નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે પારિતોષિક એનાયત કરાયા : શ્રેષ્ઠ નિર્માતા, શ્રેષ્ઠ નિર્દેશક, શ્રેષ્ઠ ચલચિત્ર તેમજ શ્રેષ્ઠ કલાકાર સહિતની વિવિધ ૪૬ કેટેગરીમાં આશરે ૧૮૧ ચલચિત્ર પારિતોષિક એનાયત



| વર્ષ | પારિતોષિકની કક્ષા | પુરુસ્કૃત કલાકારનું નામ | ચલચિત્રનું નામ |
|---|---|---|---|
| ૨૦૧૬-૧૭ | શ્રેષ્ઠ ફિલ્મ | સિનેમન પ્રોડક્શન લી. | રોંગ સાઈડ રાજ |
| | શ્રેષ્ઠ દિગ્દર્શક | શ્રી મિખીલ મુસલે | રોંગ સાઈડ રાજ |
| | શ્રેષ્ઠ અભિનેતા | શ્રી મલ્હાર ઠાકર | થઈ જશે |
| | શ્રેષ્ઠ અભિનેત્રી | સુશ્રી દીક્ષા જોષી | શુભ આરંભ |
| ૨૦૧૭-૧૮ | શ્રેષ્ઠ ફિલ્મ | અક્ષર કોમ્યુનિકેશન | લવની ભવાઈ |
| | શ્રેષ્ઠ દિગ્દર્શક | શ્રી સંદિપ પટેલ | લવની ભવાઈ |
| | શ્રેષ્ઠ અભિનેતા | શ્રી સિદ્ધાર્થ રાંદેરીયા | ગુજ્જુભાઈ:મોસ્ટ વોન્ટેડ |
| | શ્રેષ્ઠ અભિનેત્રી | કુ. આરોહી પટેલ | લવની ભવાઈ |
| ૨૦૧૮-૧૯ | શ્રેષ્ઠ ફિલ્મ | બ્રેઈનબોકસ સ્ટુડીયોઝ | રેવા |
| | શ્રેષ્ઠ દિગ્દર્શક | શ્રી રાહુલ ભોલે | |
| | | શ્રી વિનીત કનોજીયા | રેવા |
| | શ્રેષ્ઠ અભિનેતા | શ્રી પ્રતિક ગાંધી | વેન્ટીલેટર |
| | શ્રેષ્ઠ અભિનેત્રી | શ્રીમતી તિલ્લાના દેસાઈ | પાઘડી |
| ૨૦૧૯ | શ્રેષ્ઠ ફિલ્મ | સારથી પ્રોડકશન્સ | |
| | | એલ.એલ.પી | હેલ્લારો |
| | શ્રેષ્ઠ દિગ્દર્શક | શ્રી અભિષેક શાહ | હેલ્લારો |
| | શ્રેષ્ઠ અભિનેતા | શ્રી સિદ્ધાર્થ રાંદેરિયા | ચાલ જીવી લઈએ |
| | શ્રેષ્ઠ અભિનેત્રી | કુ. આરોહી પટેલ | ચાલ જીવી લઈએ |

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર ખાતે રાજ્યના નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ ગુજરાતી ચલચિત્રો અને તેના કલાકાર-કસબીઓને પારિતોષિક એનાયત કરવાનો સમારોહ યોજાયો હતો. સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે યોજાયેલા સમારોહમાં નાણા મંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે વિવિધ ૪૬ જેટલી કેટેગરીમાં આશરે ૧૮૧ કલાકાર-કસબીઓને ચલચિત્ર પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળની માહિતી નિયામકની કચેરી દ્વારા દર વર્ષે શ્રેષ્ઠ ચલચિત્રોને પારિતોષિક અર્પણ કરવામાં આવે છે. પારિતોષિકથી સન્માનિત થયેલા તમામ કલાકારોને શુભેચ્છાઓ પાઠવતા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતી ચલચિત્રો અને તેની સાથે સંકળાયેલા નિર્માતાઓ-કલાકારોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં ફિલ્મ ઉદ્યોગને પ્રવાસન સાથે સાંકળીને મુખ્યમંત્રીશ્રીએ ગત વર્ષે જ ગુજરાતની સૌપ્રથમ 'સીનેમેટિક ટુરિઝમ પોલિસી' અમલમાં મૂકી છે. માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘે કલાકારોને આવકારતા કહ્યું હતું કે, ગુજરાતી ફિલ્મોનો વ્યાપ દેશ-વિદેશમાં વધે અને ફિલ્મ નિર્માતાઓને પ્રોત્સાહન મળે તેવા નેક હેતુ સાથે રાજ્ય સરકારે ચલચિત્ર નિર્માણ પ્રોત્સાહન નીતિ ઘડી છે.

ફિલ્મ ઉદ્યોગમાં નવા વિચારો, નવી ટેકનોલોજી અને નવા પરિમાણોથી રાજ્યની યુવાશક્તિ પ્રેરિત થઈને આજે ફિલ્મ નિર્માણ જેવા ક્ષેત્રે જોડાઈ રહી છે. ફિલ્મ નિર્માણ ક્ષેત્રે પણ ગુજરાતનો વિકાસ અવિરત થાય તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. તેમણે એવોર્ડ પ્રાપ્ત કરનાર સૌ કલાકાર- કસબીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે માહિતી નિયામક શ્રી ડી. કે. પારેખે ઉપસ્થિત રહી સૌ કલાકારોને પ્રોત્સાહિત કરતા આભારવિધિ કરી હતી. તેમણે ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન પૂરું પાડવા કલાકારો દ્વારા કરાયેલા સૂચનો પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવી તેના પર વિચાર-વિમર્શ બાદ અમલમાં લાવવા તૈયારી દર્શાવી હતી.



ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ ચુકયો છે ત્યારે છત્રી અને રેઈનકોટ-પણ લોકો મોટી સંખ્યામાં ખરીદી કરી રહયા છે. ચોમાસાની સિઝન માટે છત્રી બનાવી રહેલ કારીગર દ્રશ્યમાન થાય છે.

# અમદાવાદના પોલીસકર્મીનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું

## પીએસઆઈ કલ્પેશ કલાલ વિરમગામમાં ફરજ બજાવતા : ચાલુ ફરજે પોલીસકર્મીનું મૃત્યુ થતાં બેડામાં ભારે શોક છવાઈ ગયો છે

અમદાવાદ, તા.૨૭

છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં હાર્ટ અટેકના કિસ્સામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. ત્યારે ગુજરાતમાં વધુ એક હાર્ટ એટક બાદ મોતના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ જિલ્લાના પોલીસકર્મીનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું છે. અમદાવાદમાં ચાલુ ફરજે પોલીસકર્મીનું મૃત્યુ થતાં પોલીસ બેડામાં ભારે શોક છવાઈ ગયો છે.

મળતી માહિતી અનુસાર, વિરમગામમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા કલ્પેશ કલાલને આજે સવારે હાર્ટ એટેક આવ્યો હતો. જે બાદ તેઓને તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પર હાજર ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પીએસઆઈ કલ્પેશ કલાલના નિધનને પગલે પરિવારમાં પણ શોકનું મોજુ ફરી વળ્યું છે. સાથે પોલીસ બેડામાં પણ ભારે શોક વ્યાપી ગયો છે.

# અબડાસામાં વીજળી પડતા એકનુ મોત ૨ લોકોને ઈજા

## ગઢસીસાના માર્ગ પર વરસાદી પાણી ભરાયા

કચ્છ, તા.૨૭

રાજ્યમાં છેલ્લા ૨ દિવસથી જોરદાર વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે કચ્છમાં પણ સતત બીજા દિવસે મેઘરાજાએ ધમાકેદાર પારી ખેલી છે.

કચ્છ, માંડવી તેમજ અબડાસા સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. માંડવી - ગઢસીસાના માર્ગ પર પાણી ભરાતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતાં. તો બીજી તરફ અબડાસામાં વીજળી પડતા એકનુ મોત થયું છે જ્યારે ૨ લોકોને ઈજા પહોંચી છે. કચ્છના અબડાસામાં વીજળી પડતા એકનુ મોત થયું છે જ્યારે ૨ લોકોને ઈજા પણ પહોંચી છે. ખેતરમાં કામ કરતા સમયે ખેડૂતો પર વીજળી પડી હતી. અબડાસાના સુડધ્રો મોટી ગામે ખેતરમાં વીજળી પડતા એકનો મોત થયો છે જ્યારે ઈજાગ્રસ્તો સારવાર અર્થે નલિયા આરોગ્ય કેન્દ્ર ખસેડાયા છે.

# રાજ્યમાં ૪૯ તાલુકામાં મેઘરાજા મનમુકીને વરસ્યા

## સુરતમાં એક મહિના પહેલા જ કરોડોનાં ખર્ચે બનેલ અંડરપાસ માટે બનાવેલી ડ્રેનેજ લાઈનમાં ભુવો પડતા કામગીરી પર અનેક સવાલો ઉભા

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં આજે ૪૯ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સવારે ૬ થી ૨ વાગ્યા સુધીમાં ૪૯ તાલુકામાં મેઘમહેર થઈ છે. નવસારી, મુંદ્રા, ચીખલી, ખેરગામ, ધરમપુર, મહુવા, પારડી, વલસાડ, વાલોડ, નંત્રાંગ, ગણદેવી, સોનગઢ, વ્યારામાં સવા બે ઈંચથી પોણા બે ઈંચ વરસાદ થવા પામ્યો છે. જયારે ધોરાજીમાં ૧ ઈંચ વરસાદ નોંધાયો છે. તેમજ કડાણામાં ૧ ઈંચ અને લાઠીમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો છે.

બોટાદ શહેરનાં અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે. ત્યારે શહેરનાં પાળીયાદ રોડ પર પાણી ભરાયા હતા. જ્યારે મહિલા કોલેજ પાસે વરસાદી પાણી ભરાયા હતા. જેથી રસ્તા પરથી પસાર થતી મહિલાઓને ભારે તકલીફ ભોગવવી પડી હતી. ત્યારે બપોર બાદ શહેર સહિત જીલ્લામાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. બોટાદ જીલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. એક દિવસનાં વિરામ બાદ મેઘરાજાનું ફરી આગમન થયું છે. જેમાં બોટાદ, રાણપુર, ગઢસા, ઢસા સહિતનાં તાલુકા પંથકમાં વરસાદ વરસ્યો હતો. તેમજ લાખણકા, ઈશ્વરીયા, ખોપાળા, પાળીયાદ, તરઘરા, ઉગામેડી સહિતનાં ગામોમાં પણ મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. વાવાણી લાયક વરસાદ થતા ખેડૂતોમાં

### વાવણી લાયક વરસાદ થતાં જગતના તાત ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ

ખુશીની લહેર વ્યાપી જવા પામી હતી. વલસાડની ધરમપુર નગરપાલિકાની પ્રિ-મોન્સુન કામગીરી પર સવાલ ઉભા થયા છે. જેમાં પ્રથમ વરસાદમાં પણ ધરમપુરમાં પાણી ભરાયા હતા. નીચાણવાળા રસ્તાઓ પર પાણી ભરાઈ જતા લોકોને આવવા જવામાં ભારે તકલીફ પડી હતી. સ્ટેટ હોસ્પિટલ સામેનાં રસ્તા પર પાણી ભરાતા વાહન ચાલકો અને રાહદારીઓની મુશ્કેલીમાં વધારો થયો હતો. અમરેલીનાં ધારી અને બગસરા પંથકમાં વરસાદ પડ્યો હતો. સતત ચોથા દિવસે બગસરામાં વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો. ચોથા દિવસે પણ મેઘ મહેરનાં કારણે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડતાં પાણી ભરાયા હતા. ત્યારે ગ્રામ્ય વિસ્તાર ડેરી પીંપરીયા, માવજીંજવા, હડાળા, બાલાપુર સહિતનાં ગામોમાં વરસાદ પડતા ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા હતા.

સુરત જીલ્લાનાં મહુવા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તાર કરચેલિયા, વલવાડા, મહુવરીયા સહિતનાં ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. ત્યારે હવામાન વિભાગે ૪ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. સુરતમાં મહાનગર પાલિકાની વધુ એક બેદરકારી સામે આવી છે. જેમાં કડોદરામાં એક મહિનાં પહેલા બનાવવામાં આવેલ અંડરપાસમાં ભૂવો પડ્યો છે. ત્યારે અંડરપાસ માટે બનાવેલી ડ્રેનેજ ગટર લાઈનમાં ભુવો પડ્યો છે. કડોદરામાં ૧૧૦ કરોડનાં ખર્ચે બનાવવામાં આવેલ અંડરપાસમાં એક મહિનાં પહેલા જ ભુવો પડતા કોન્ટ્રાક્ટરે કરેલી કામગીરી પર અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

# જેટકોના ૧૬ હજાર જેટલા કર્મચારીએ માસ સીએલ મુકી

## કર્મચારીઓની માંગ નહી સ્વીકારાતા મંત્રણા પડી ભાંગી : વીજ કંપનીઓનાં ઈજનેરો-ટેકનીકલ સહિતનો સ્ટાફ હડતાળમાં જોડાશે તો અંધારપટ્ટની સ્થિતિનાં સંકેત

અમદાવાદ, તા.૨૭

આજથી જેટકોનાં તમામ સ્ટાફની અચોક્કસ મુદતની હડતાળ પર છે. કર્મચારીઓની માંગ નહી સ્વીકારાતા મંત્રણાં ભાંગી પડી હતી. પ્રમોશન ઓર્ડર રદ કરવાની માંગ નહી સ્વીકારાતા મંત્રણા પડી ભાંગી હતી. પ્રમોશન ઓર્ડર રદ કરવાની માંગ નહી સ્વીકારાતા મંત્રણાં ભાંગી પડી હતી. તમામ વીજ કંપનીઓનાં ઈજનેરો-ટેકનીકલ સહિતનો સ્ટાફ હડતાળમાં જોડાશે તો અંધારપટ્ટની સ્થિતિનાં સંકેત છે.

ગુજરાત વીજ વિભાગના જેટકોના કર્મચારીઓ દ્વારા આજથી માસ સીએલ સહિત ચોક્કસ મુદતની હડતાળની જાહેરાત કરાઈ છે. જેમાં ગુજરાત માં આજે ૭ હજાર જેટલા કર્મચારીઓ માસીએલ પર ઉતર્યા છે. અને આવતીકાલથી અચોક્કસ મુદતની હડતાલ પર કર્મચારીઓ ઉતરશે સૌથી મહત્વની વાત એ છે કે એક તરફ ગુજરાતમાં વિધિવત ચોમાસાની શરૂઆત થવા જઈ રહી છે. ત્યારે ગુજરાત ભરમાં જેટકોના કર્મચારીઓ ની કોઈ ચોક્કસ સમાધાન ન થતા આજથી વીજ વિભાગના તમામ કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શન શરૂ કરાયું છે. સાબરકાંઠાના હિંમતનગર ખાતે જિલ્લા સહિતના કર્મચારીઓ દ્વારા વિવિધ પાંચ જેટલી માંગણીઓ મામલે માસ સીએલ ઉપર જવાની સાથે આવતીકાલથી અચોક્કસ મુદતની હડતાળ કરવામાં આવી છે. જોકે આ મામલે તંત્ર દ્વારા વધુ કોઈ જલદ પગલાં લેવાય તેમ જ કોઈ કર્મચારી સામે શિસ્ત ભંગના પગલાં પણ લેવાશે તો આગામી સમયમાં ગુજરાતભરના કર્મચારીઓના સંગઠન દ્વારા ઉગ્ર આંદોલનની પણ ચીમકી આપવામાં આવી છે. ત્યારે ચોમાસાની શરૂઆતમાં થયેલું આ આંદોલન આગામી સમયમાં સમગ્ર ગુજરાતીઓ માટે પરેશાની નું કારણ બને તો નવાઈ નહીં.

મહેસાણા ખાતે જેટકોનાં ૧૬૦૦૦ જેટલા કર્મીઓ માસ સીએલ પર છે. ત્યારે આજે માસ સીએલ અને આવતીકાલે અચોક્કસ મુદતની હડતાળ કરશે. મહેસાણા, રાજકોટ અને ભરૂચ ઝોનનાં કર્મીઓ માસ સીએલમાં જોડાયા હતા. સોમવારે ગાંધીનગર ટીપીએસમાં પડતર પ્રશ્નો અંગે મીટીંગ થઈ હતી. મેનેજમેન્ટ દ્વારા એક પણ પ્રશ્નનો હકારાત્મક અભિગમ મળ્યો નહી. માસ સીએલમાં વર્ગ ૩ અને વર્ગ ૪ નાં કર્મીઓ જોડાયા છે. રાજકોટમાં જેટકોનાં ઈજનેરો અને લાઈનમેનની હડતાળ છે. ત્યારે ૭ હજારથી વધુ કર્મચારીઓએ માસ સીએલ મુકી છે. પ્રમોશન સેટઅપ સહિતનાં પડતર પ્રશ્નને લઈ કર્મચારીઓનું આંદોલન શરૂ કર્યું છે. ત્યારે હડતાળમાં સામેલ થનારા કર્મચારીઓ જેટકો કચેરીએ વિરોધ કરશે.

# આદિપુરૂષ ફિલ્મનો વિરોધ : કરણી સેનાના કાર્યકરોને અટકાવાયા

## કાર્યકરો અને પોલીસ વચ્ચે વિવાદ થતા મુંબઇ જતા માર્ગ પર છ કિમી સુધી લાંબો ચક્કાજામ



વાપી, તા.૨૭

આદિપુરષ હિંન્દી ફિલ્મ રિલિઝ થયા બાદ ઠેર ઠેર લોકોમાં ભારે વિરોધ ઉઠ્યા બાદ ગઈકાલે સોમવારે મહારાષ્ટ્રના અછાડ હાઈવે પર પોલીસે મુંબઈ ફિલ્મનો વિરોધ કરવા વાહનમાં જતા કરણીસેનાના આગેવાનો અને કાર્યકરોને અટકાવ્યા હતા. પોલીસ અને કાર્યકરો વચ્ચે વિવાદ થતા મુંબઈ જતા માર્ગ પર ૬ કિ.મી. સુધી ચક્કાજામ થયો હતો.

તાજેતરમાં જ રિલિઝ થયેલી આદિપુરૂષ હિન્દી ફિલ્મ સામે દેશભરમાં ભારે વિરોધ ઉઠ્યો છે. ફિલ્મના દશ્યો અને ડાયલોગ લઈ ધાર્મિક લાગણી દુભાતા ભારે વિરોધ ઉઠ્યો હતો. ફિલ્મના વિવાદમાં ગઈકાલે સોમવારે ગુજરાત કરણીસેનાના આગેવાનો અને કાર્યકરો મુબઈ વિરોધ કરવા વાહન મારફતે મુંબઈ જવા નિકળ્યા હતા. મહારાષ્ટ્રના અછાડ હાઈવે પર પોલીસે વાહનોને અટકાવ્યા હતા. જેને પગલે પોલીસ અને કાર્યકરો વચ્ચે ભારે ઘર્ષણ ઉભુ થયું હતું. કાર્યકરો પોલીસની કામગીરી સામે આક્રોશ ઠાલવી ધરણા પર બેસી ગયા હતા. જેને કારણે મુંબઈ તરફ જતા માર્ગ પર લગભગ ૬ કિ.મી. સુધી વાહનોની લાંબી લાંબી કતાર લાગી જતા બેથી ત્રણ કલાક સુધી ટ્રાફિકજામ થઈ જતા વાહન ચાલકો મુશકેલીમાં મુકાયા હતા. પોલીસ અધિકારી કરણીસેનાના કાર્યકરોને પોલીસ મથકે લઈ જઈ વાતચીત કરી હતી.

### આગાહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વલસાડ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયુ છે. તો અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, જૂનાગઢ અને ગીરસોમાનાથમાં ભારે વરસાદ વરસી શકે છે. જ્યારે વડોદરા, છોટાઉદેપુર, બનાસકાંઠા, અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, દમણ, દાદરાનગર હવેલી, આણંદ, નર્મદા અને ખેડામાં પણ વરસાદ પડશે. હમણાં ગુજરાતમાં સક્રિય થયેલી સિસ્ટમ ખૂબ મજબૂત છે જે કારણે રાજ્યના અનેક વિસ્તારો જળબંબાકાર થાય તેવો વરસાદ વરસશે.

### માંગમા વધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલુ વર્ષ દરમિયાન પ્રજાજનો દ્વારા બહોળા પ્રમાણમાં આ જૈવિક ખાતર ખરીદવામાં આવેલ છે. જે નાગરિકો દ્વારા કરવામાં આવતા વેસ્ટ સેગ્રીગેશનને કારણે શક્ય બન્યું છે. આ માટે ગાંધીનગર મહાનગરપાલિકા શહેરના સેગ્રીગેશન કરતા નાગરિકોનો આભાર વ્યક્ત કરે છે. આવી રીતે જ આપણે આપણા ઘરમાં ઉત્પન્ન થતા સૂકા અને ભીના કચરાને અલગ અલગ કરીને ડોર ટુ ડોર વાહનોને આપીએ તો, ગાંધીનગર શહેરના કચરાના ભારણને ઘટાડી શકીશું. ગાંધીનગરની વધુ સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાણું શહેર બનાવવા માટે આજથી જ ભીનો અને સૂકો કચરો અલગ કરીએ.

### રસ્તા બંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નુકસાન થયું છે. IMD મુજબ આગામી ૫ દિવસ સુધી વરસાદની સંભાવના છે. કેટલાક સ્થળોએ ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. આજે માટે ઓરેન્જ એલર્ટ અને આવતીકાલ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જૂનમાં સરેરાશ કરતાં વધુ વરસાદની શક્યતા છે. ભારે વરસાદ હિમાચલમાં પણ મુસીબત લઈને આવ્યો છે.

### ચર્ચા કરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગૃહ પ્રધાન અમિત શાહે મોદીને મળીને મણિપૂરની પરિસ્થિતિ તથા સર્વપક્ષીય બેઠકમાં તમામ નેતાઓની ભૂમિકા અંગે જાણકારી આપી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહ પ્રધાન સાથે અમરનાથ યાત્રાની તૈયારી અંગે પૂછપરછ કરી સુરક્ષા વ્યવસ્થા વધારવા માટે કહ્યું હતું.

આ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાંચ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી અંગે ચર્ચા કરી. નરેન્દ્ર મોદી મંગળવારે મધ્ય પ્રદેશના શહડોલ અને ભોપાલમાં જઈને વિધાનસભાની ચૂંટણીનું બ્યુગલ વગાડશે.

### ઉછાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

એચડીએફસી બેંક, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા બેંકના શેર સૌથી વધુ ઉછાળા સાથે બંધ થયા છે.

એ જ રીતે બજાજ ફિનસર્વ, આઈસીઆઈસીઆઈ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટેક મહિન્દ્રા, સન ફાર્મા, એનટીપીસી, ઈન્ફોસિસ અને ટાઈટન જેવા ઈન્ફોસિસ સ્ટોક્સ નોંધપાત્ર ઉછાળા સાથે બંધ થયા હતા.

એચડીએફસીઅને એચડીએફસીબેંકનું મર્જર ૧ જુલાઈથી અમલી બનશે. આ અભૂતપૂર્વ મર્જર સાથે જોડાયેલા સમાચાર પછી એચડીએફસીબેક્ર અને એચડીએફસીના શેરમાં ઉછાળો આવ્યો હતો.

બીએસઈસેન્સેક્સ પર મારુતિનો શેર સૌથી વધુ ૦.૨૮ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. એ જ રીતે ઈન્ડસઈન્ડ બેક્રના શેર ૦.૧૦ ટકા અને એચયુએલના શેર ૦.૦૪ ટકા ઘટીને બંધ થયા હતા.